મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

# મીનાબજારની ભીડ ત્રીજી લહેરને આમંત્રે છે





ગાંધીનગર, તા. ૧૦ જુના સચિવાલયની પાછળ આવેલુ મીનાબજાર પુનઃ ધમધમવા માંડ્યુ છે. સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થતાં મીનાબજારમાં ચા-નાસ્તાની દુકાનો પર ભીડ જોવા મળી રહી છે. જો કે અહીં સોશીયલ ડીસ્ટન્સના કોઈ નિયમોનું પાલન કરવામાં ન આવતા સરકારી અધિકારીઓ-કર્મચારીઓ જાણે કોરોનાની ત્રીજી લહેરને સામેથી આમંત્રણ આપી રહ્યા છે.


સાબરમતી નદી ઉપર આવેલ એલીસબ્રીજની નીચે ઘણા વર્ષો પહેલા દર રવિવારે ગુજરી બજાર(રવિવારી) ભરાતુ હતુ. જ્યાં નાનામાં નાની ટાંકણીથી માંડી ઘર વખરીની તમામ ચીજવસ્તુઓ ખૂબજ સસ્તા ભાવે મળતી હતી. ઉત્તરોત્તર સાબરમતી નદી કિનારાનો વિકાસ થતા રિવરફ્રન્ટ બનતા ગુજરી બજાર બંધ થયુ છે. આજ રીતે ગાંધીનગરમાં સેક્ટર-૧૦નું ડૉ. જીવરાજ મહેતા ભવન કે જ્યાં સરકારી કચેરીઓ કાર્યરત છે. જેમાં ફરજ બજાવતા કર્મચારીઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ તેમજ જમવાની તથા નાસ્તાની સગવડતા થઈ શકે તે આસયથી સરકાર દ્વારા ચીપટાઈપની ૧૫૨ દુકાનો બનાવવામાં આવી છે. જે મીનાબજાર તરીક ઓળખાય છે. કોરોના મહામારીના કારણે લોકડાઉન થતા લાંબો સમય મીનાબજાર બંધ હાલતમાં હતુ. કોરોના કેસમાં ઘટાડો થયા બાદ તાજેતરમાં સરકાર દ્વારા અનલોક જાહેર કર્યા બાદ મીનાબજાર ફરીથી ધમધમતુ થયુ છે. બપોરના સમયે વધારે પ્રમાણમાં ભીડ જોવા મળતી હોય છે. હાલ કોરોના મહામારી સંદર્ભે સરકાર દ્વારા નક્કી કરેલ ગાઈડલાઈનનું પાલન થાય છે કે કેમ તેના માટે મીના બજારની મુલાકાત લેતા સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા કોરોનાના નિયમોનું પાલન થતુ જોવા મળ્યુ નથી જે કોરોનાની ત્રીજી લહેર માટેનું આમંત્રણ કહી શકાય. મીનાબજારની ૧૫૨ દુકાનો પૈકી ચાર લોજ, ૧૮ જેટલી મોબાઈલની દુકાનો, ત્રણ બુક સ્ટોર્સ અને સ્વીટ/ફરસાણની દુકાનોની પ્રખ્યાત દુકાનો પર સોશીયલ ડીસ્ટન્સના નિયમોનું પાલન થતુ નથી. આ ઉપરાંત અહીં ઉભી રહેતી શાક અને ફ્રુટની લારીઓ પર પણ ભારે ભીડ જોવા મળે છે. ઘણા લોકો માસ્ક વગર ફરતા પણ નજરે ચઢે છે. હાલમાં કોરોનાના કેસ સાવ ઓછા થઈ ગયા છે ત્યારે લોકો સાવધાની ભુલી ગયા છે જે ખતરનાક બની શકે છે.

## જન્મદિને વધામણી


હર્શલ રાકેશ ભ્રહ્મભટ્ટ
મો. ૯૬૬૨૮ ૪૦૪૦૩


રવિ એમ પટેલ


હીરાબેન અંબવાણી


શ્લોક મેઘરાજાણી


ઉષા ચૌહાણ

# આજે વિશ્વ વસ્તી દિવસ : દેશની અનેક સમસ્યાઓનું મૂળ વસ્તી વિસ્ફોટ

### આઝાદી પછી ભારતમાં ૧૦૫ કરોડ વસ્તીનો ઉમેરો થયો : ગરીબી, બેરોજગારી, મોંઘવારી સહિત પ્રદૂષણ જેવી સમસ્યાઓ માટે પણ વસ્તીવધારો જવાબદાર

ગાંધીનગર તા.૧૦ સમગ્ર વિશ્વમાં ૧૧મી જુલાઈ વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો ઉદ્દેશ સતત વધતી જતી જનસંખ્યાથી સર્જાતી વિવિધ સમસ્યાઓ અંગે જાગૃતિ વધારવાનો છે. અંગ્રેજોના શાસનથી સ્વતંત્રતા સમયે જે ભારતની વસ્તી માત્ર ૩૪ કરોડ હતી તેમાં અંદાજે ૧૦૫ કરોડોનો વધારો થઈને આજે દેશની વસ્તી ૧૩૯ કરોડ સુધી પહોંચી જવા પામી છે. સમગ્ર વિશ્વની વસ્તી પણ અત્યારે ૭૮૭ કરોડને પાર થઈ ગઈ છે અને એક અંદાજ મુજબ આગામી વર્ષ ૨૦૫૦માં વિશ્વની વસ્તી ૯૦૦કરોડને પાર કરી ગઈ હશે.

જ્યારે વર્ષ-૧૯૮૭માં વિશ્વની કુલ વસ્તી પાંચ અબજના આંકડે પહોંચી હતી ત્યારે ૧૧મી જુલાઈ ૧૯૮૯ને સંયુક્ત રાષ્ટ્ર સંઘે ×વર્લ્ડ પોપ્યુલેશન ડે× જાહેર કરીને વિશ્વમાં કુટુંબ નિયોજનનું મહત્વ, લિંગ સમાનતા, ગરીબી, માતૃત્વ, આરોગ્ય અને માનવાધિકાર જેવા વિવિધ મુદ્દે જનજાગૃતિ વધારવા પ્રયાસ શરૂ કર્યો છે. આજે વિશ્વમાં દરરોજ અંદાજે બે લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે જ્યારે ૯૦ હજાર જેટલા નાગરિકોના મોત થાય છે. ૧૯૬૯માં વિશ્વના નાગરિકોનું સરેરાશ આયુષ્ય ૪૭ વર્ષ હતું તે આજે વધીને ૭૦વર્ષનું થઈ ગયું છે અને ચીન પછી ભારતનો વસ્તીની દ્રષ્ટિએ વિશ્વમાં બીજો નંબર આવે છે. વસતી વિસ્ફોટને કારણે દેશમાં સામાજિક વ્યવસ્થા, શિક્ષણ, સ્વાસ્થ્ય, ટ્રાફિક અને પર્યાવરણ સહિતની અનેક બાબતે અનેક ગંભીર સમસ્યાઓ પેદા થવા ઉપરાંત કુપોષણ, ભૂખમરો, બેરોજગારી, મોંઘવારી વગેરેમાં વધારો થઈ રહ્યો છે જેને અનુલક્ષીને ભારતે સત્વરે જન સંખ્યા નિયંત્રણ બાબતે યોગ્ય પગલા ભરવા જરૂરી જણાઈ રહ્યાં છે.

**વસ્તી વિસ્ફોટથી સર્જાતી સમસ્યાઓ**

વસ્તી વિસ્ફોટને કારણે ગુણવત્તાયુક્ત ખોરાક, પીવાનું શુધ્ધ પાણી, રોજગારી, સુખાકારી અને સામાજિક અંતર ઉપરાંત પર્યાવરણ સંદર્ભે અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ રહી છે. વિશ્વમાં વસ્તી વિસ્ફોટને કારણે દર વર્ષે ૨૭ લાખ હેક્ટર જેટલાં જંગલોનો નાશ થઈ રહ્યો છે, ૧૧૮ કરોડ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થઈ રહ્યું છે, ૮૫ નાગરિકો કુપોષણનો ભોગ બન્યાં છે, ૫૮લાખ જેટલાં દર વર્ષે ભૂખમરાથી મૃત્યુ પામે છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે

# ૧૨મી જુલાઈએ NFSU સ્થિત Centre of Excellence for Research and Analysis of NDPSનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૦ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર રીસર્ચ એન્ડ એનાલિસસ ઓફ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (Centre of Excellence for Research and Analysis of NDPS)નું સોમવાર, તા.૧૨મી જુલાઈ, ૨૦૨૧ના રોજ ઉદ્ઘાટન થનાર છે. સાથોસાથ તેઓ યુનિવર્સિટીની વિશિષ્ટ લેબ તથા અન્ય સેન્ટરની મુલાકાત પણ લેનાર છે.



આ પ્રસંગે Investigation of Crime against Women સંદર્ભમાં વર્ચ્યૂઅલ ટ્રેનિંગ અંગેનો કાર્યક્રમ પણ યોજાશે. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લા અને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ, વરિષ્ઠ ફોરેન્સિક સાયન્ટિસ્ટ ડો. જે. એમ. વ્યાસ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે ભારત સરકારના કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરના સેન્ટર ફોર એક્સેલન્સ ફોર રીસર્ચ એન્ડ એનાલિસીસ ઓફ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સને માન્યતા આપવામાં આવી છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ નિર્માણ પામેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના Centre of Excellence for Research and Analysis of NDPS ખાતે માદક અને તેને આનુસંગિક દ્રવ્યોની ઓળખ, તે અંગેનું સંશોધન કરવામાં આવશે. આ સેન્ટર ફોર એક્સેલન્સ ખાતે માદકદ્રવ્યોની ઓળખ માટે અત્યાધુનિક ટેક્નોલોજી સાથેના યંત્રો રાખવામાં આવેલ છે. જેને પરિણામે ડ્રગ્સની ઓળખ ઉપરાંત, વિશ્વના કયા દેશની ડ્રગ છે, જેની ભારતમાં ઘૂસણખોરી થાય છે, તે અંગેની જાણકારી પણ ઉપલબ્ધ થઈ શકશે. આ ઉપરાંત, ભારતભરમાંથી પ્રાપ્ત માદકદ્રવ્યો પણ અહીં લવાશે. જેનું પૃથક્કરણ કર્યા બાદ તેના નિશ્ચિત ઉદ્ભવસ્થાન અંગે જાણી શકાશે અને તેનું પ્રોફાઈલિંગ પણ થશે.

આ સેન્ટર ઓફ એક્સેલન્સ કે જ્યાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલી એજન્સીઓ માટે ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો પણ થશે. જ્યાં પ્રશિક્ષણ પામેલા અધિકારીઓને

# શેઠ સી.એમ.હાઈસ્કુલના જૂના મિત્રોનો મન પાંચમનો મેળો



ગાંધીનગર તા.૧૦ 'મેં યાદો કા કિસ્સા ખોલું તો કુછ દોસ્ત બહોત યાદ આતે હૈ' હરિવંશરાય બચ્ચનની દોસ્તીનો મર્મ સમજાવતી અનેક કૃતિઓ આજકાલ સોશિયલ મીડિયા પર ખૂબ વંચાતી જોવા મળે છે. એવું કહેવાય છે કે અમુક વય પછી બાળપણના મિત્રોને ફરી ખુલ્લા દિલે મળવું એટલે જાણે પોતાની જાત સાથે મળવું અને આવી જ એક મુલાકાત તાજેતરમાં ગાંધીનગરની શેઠ સીએમ હાઈસ્કૂલમાં ૯૦'ના દાયકાના વર્ષો પછી મળેલા જૂના મિત્રો વચ્ચે તાજેતરમાં યોજાઈ હતી.

સોશ્યલ મીડિયા પર જોડાયેલા પરંતુ લાંબા સમયથી એકબીજા સાથે દૂર રહેલા આ મિત્રોએ કોરોના નોકડાઉન પછી હળવા થવા માટે ખાસ યોજેલી ગોઠડીમાં મસ્તી ભરી કવિતાઓની રજુઆતો અને કોરોનાની વ્યથા ઉપરાંત ગુલાબજાંબુ, દાળવડા અને ચાની જયાફત સાથે મનપાંચમના મેળાને મનભરીને માણ્યો હતો. આ મસ્તીભરી ગોઠડીમાં રાજયના વિવિધ શહેરોમાંથી ઉમટેલા મિત્રોમાં તુષાર મહેતા, ડો.વૈભવ ચૌહાણ,કમલેશ સાધવાણી, નિશાંત કારખાનિશ, પીયૂષ અગોલા, સંજય પટેલ, રોહિણી, ભાવિક વગેરે ઉપસ્થિત રહ્યા હતા જયારે મુંબઈથી સ્નેહા શાસ્ત્રી અને વિદેશથી ભાર્ગવી જોખાકર, અભય દેસાઈ, ઈલા પટેલ, અભયસિંહ વગેરે જેવા મિત્રોએ આ ગોઠડી ઓનલાઈન માણી હતી.

# સરકારી ગ્રંથાલયોમાં સ્ટાફની અછત જણાતા નવી ભરતી કરવાની માંગ


ગાંધીનગર, તા. ૧૦ ગાંધીનગરમાં સેક્ટર-૧૭ અને સેક્ટર-૨૧ના ગ્રંથાલયમાં વર્તમાન સમયમાં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે. વાંચન માટે આવતા વિદ્યાર્થીઓને દરેક પ્રકારની સુવિધાઓ મળી રહે તે હેતુસર નવીનતમ વિભાગો બનવા જઈ રહ્યા છે. જેમાં ગરીબ, મધ્યમ વર્ગ ઉપરાંત દિવ્યાંગો માટે ઉત્તમ રહેશે. પરંતુ ગ્રંથાલયોમાં કાર્યભાળ સંભાળી શકાય તે માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ નથી જેથી કામગીરીમાં અડચણો આવી રહી છે. કામ વધુ અને એની સામે સ્ટાફ ઓછો જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ઘણા વર્ષોથી સરકાર દ્વારા નવી ભરતી કરવામાં આવેલ નથી તેથી તાત્કાલિક ધોરણે ગ્રંથાલયોમાં નવી ભરતી કરવામાં આવે તેવી માંગ વર્તમાન ગ્રંથાલયના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે.

# અરવિંદ કેન્દ્રમાં પુનઃ યોગ-પ્રાણાયામના વર્ગો શરૂ


ગાંધીનગર, તા. ૧૦ કોરોના મહામારીને કારણે ગાંધીનગરના અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે યોગ-પ્રાણાયામના વર્ગો બંધ રાખ્યા હતા જે તાજેતરમાં કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયા બાદ ગાંધીનગરની સુજ્ઞ નાગરિકો, જનતા માટે સારીરિક તથા માનસિક સ્ફૂર્તી, તાજગી, તંદુરસ્તી, સ્વાસ્થ્ય માટે રાબેતા મુજબ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. ગુરૂવાર તા. ૧ જુલાઈથી સાંજે ૬ થી ૭ દરમિયાન વર્ગો ચાલુ કરેલ છે. રસ ધરાવનારે યોગ પ્રશિક્ષિકા ભાવના જોષી (મો.નં. ૮૨૦૦૦૮૧૬૦૪) તથા સંસ્થાના પ્રમુખ ડૉ. સી.કે. તન્ના (મો. નં. ૯૮૭૯૨૬૫૫૫૩) નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સરસ્વતી વિદ્યાલયમાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦ 'વિશ્વ વસ્તી દિન' નિમિત્તે સેક્ટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. વધતી જતી વસ્તીના કારણે વર્તમાનમાં અનુભવાતી મુશ્કેલીઓ તેમજ જો વધતી જતી વસ્તીને અંકુશમાં ન લાવી શકાય તો ભવિષ્યમાં જે વિકટ સમસ્યાઓ સર્જાશે તેના વિશે વિદ્યાર્થીઓએ ખૂબજ અસરકારક પોતાનું વકતવ્ય આપ્યુ હતુ. શાળાના શિક્ષિકા મધુબેન લેઉવાએ વિશ્વ વસ્તી દિન વિશે વિદ્યાર્થીઓને મહિતી આપી હતી. ત્યારબાદ ઉત્તમ વક્તવ્ય આપનાર વિદ્યાર્થી મુડેઠિયા નિરવ અને દેસાઈ રૂદ્રને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં મુડેઠિયા નિરવ, વાઘેલા ઓમકાર, વાઘેલા ઓમ, પંડિત અથર્વ, મકવાણા, આનલ, દેસાઈ રૂદ્રએ ભાગ લીધો હતો.




# રંગોલી ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા પ્રિ-સ્કુલના વાલીઓ અને બાળકો માટે ઓનલાઇન 'ફોનિક્સ વર્કશોપ'





ગાંધીનગર, તા. ૧૦ બાળકો માટે અક્ષર-ધ્વનિ સંબંધો શીખવાનું મહત્વપૂર્ણ છે કારણ કે અંગ્રેજી ભાષા ધ્વનિને રજૂ કરવા માટે મૂળાક્ષરોમાં અક્ષરોનો ઉપયોગ કરે છે. બાળકોને કેવી રીતે વાંચવું તે શીખવવામાં સહાય માટે ફોનિક્સ આ માહિતી શીખવે છે. ફોનિક્સ બાળકોને દરેક અક્ષરોના અવાજો શીખવે છે.

રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા પ્રિ-સ્કૂલના વાલીઓ અને બાળકો માટે ઓનલાઈન 'ફોનિક્સ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા અમારા આદરણીય વાઈસ પ્રિન્સિપાલ શ્રી દીપા નિશાદે બાળકો માટે ફોનિક્સનું મહત્વ અને તેના ઉપયોગો વિશે માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને દરેક માતા-પિતાએ ખુબ જ ઉત્સાહથી આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. તેઓએ વિવિધ ફોનિક ગીત ગાયા અને વિવિધ ટીચીંગ એડ્સ દ્વારા ફોનિક્સ સાઉન્ડ શિખ્યા હતા.

# 'અંડરસ્ટેન્ડિંગ સ્ટોક માર્કેટ ફ્રોમ પ્રેક્ટિકલ પર્સપ્રેકટિવ' વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ

### તજજ્ઞ વક્તા તેજસ પટેલ (આસિસ્ટંટ જનરલ મેનેજર - SEBI) બીબીએ કોલેજના જ ભુતપૂર્વ વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૦ કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૯૫ વિદ્યાર્થીઓ એ ઓનલાઈન માધ્યમ થી ભાગ લીધો હતો. કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા મુખ્યવકતા તેજસ પટેલ (AGM-SEBI) ને કોલેજ વતી આવકાર્યા હતા.અને તેઓ કોલેજ માં વિદ્યાર્થી હતા તે સમય ના સંસ્મરણો વાગોળ્યા હતા. જેમાં તેઓ એ તેજસભાઈ ગુજરાત ૨૦૦૮ માં GCET સ્પર્ધાત્મક પરીક્ષા માં સમગ્ર ગુજરાત માં પ્રથમ આવ્યા હતા જે બાબત નો પણ ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા તેઓ નો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. તેઓ અત્રેની બીબીએ કોલેજના જ ભુતપૂર્વ વિદ્યાર્થી છે તે કોલેજ માટે ગૌરવ ની બાબત છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી વિષય પર રસપ્રદ ભૂમિકા બાંધી હતી.તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ મુખ્ય વક્તા દ્વારા વિદ્યાર્થીઓને સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ના વિવિધ કાર્યો બાબતે વિદ્યાર્થીઓને ઉંડાણપૂર્વક સમજ આપી હતી.




સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો. આશિષ ભુવા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજવા માં આવ્યો હતો.